# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૦ સને ૨૦૨૩ સં.૨૦૭૯

અંક : ૩ ભાદરવા-સપ્ટેમ્બર સળંગ અંક-૧૨૩

**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**



**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહ્લાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહ્લાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


★ શાસ્ત્રદર્પણમાં આત્મદર્શન-૧

★ મહાવ્રતની ભાવનાઃ સંયમ પુષ્ટીકારિણી

★ અહો નવકાર !!! ઢુંઢકચોર

★ અનુમોદનામૃતમ્....


## આર્ષવાણી

**सग्गापवग्गमग्गंमि,**

**लग्गा वि जिणसासणे ।**

**पाडिया हा ! पमाएणं,**

**संसारे सेणियाइया।।**

સ્વર્ગ અને મોક્ષના માર્ગરૂપ શ્રીજિનશાસનને પામ્યા હોવા છતાં પ્રમાદદોષે શ્રેણિકાદિ જેવા જીવોને સંસારમાં પાડ્યા - રખડાવ્યા છે.

રોગોનો નાશ થયા પછી જ ભોજનની રુચિ થાય છે, તેમ ભાવમળનો નાશ થયા પછી જ તત્ત્વાર્થની રુચિ થાય છે.



## ★ શાસ્ત્રદર્પણમાં આત્મદર્શન-૧ ★★★

-પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

દર્પણનું કાર્ય છે : વ્યક્તિ-વસ્તુ કે પદાર્થનું પ્રતિબિંબ બતાવવાનું. જે જે વસ્તુ આપણને આપણી જ નજરથી ન દેખાતી હોય તેને જોવા માટે અરિસાની જરૂર પડે છે. તે જ રીતે જ્યાં આપણી નજર નથી પહોંચતી તેવી દૂરની વસ્તુને જોવા માટે બાઈનોક્યુલર (દુર્બિન) ની અથવા સાવ નજીકમાં રહેલી નાની વસ્તુને જોવા માટે આઈગ્લાસ (બિલોરી કાચ) ની આવશ્યકતા રહે છે. લોખંડ વગેરે કેટલીક ધાતુને વેલ્ડીંગ કરવાનું હોય ત્યાં તેને જોવા માટે સ્પેશીયલ તેવા ગ્લાસવાળા ચશ્મા કે કાચની જરૂર હોય છે...તેમ આત્મા આપણને નજરથી (ચર્મચક્ષુથી) નથી દેખાતો. એને જોવા માટે કાં કેવળજ્ઞાનની જરૂર છે. અથવા શાસ્ત્રરૂપી દર્પણની આવશ્યકતા રહે છે. કારણ, આત્મા સૂક્ષ્મ હોવા સાથે અરૂપી છે. અરૂપીનું જ્ઞાન ઈન્દ્રિયોથી થઈ શકતું નથી. તેને જોવા માટે દુર્બીનથી લઈ દુનિયાનાં કોઈ સાધન કામ આવતાં નથી. એ માટે તો અતીન્દ્રિયજ્ઞાન (કેવળજ્ઞાન) સિવાય કંઈ કામ આવતું નથી. આત્મપ્રત્યક્ષ ગણાતાં અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન પણ નિરર્થક છે. જો આત્મા પર લાગેલાં કર્મોય રૂપી હોવા છતાં દૃષ્ટિગોચર ન થાય તો અરૂપી આત્મા ક્યાંથી દૃષ્ટિપથમાં આવી શકે ?

અલબત, જો ઈન્દ્રિયોનાં માધ્યમથી આત્માને જોઈ શકાતો હોત તો કદાચ નાસ્તિક કરતાં આસ્તિકોની સંખ્યા વધારે હોત. અરૂપી આત્માને જોઈ શકાતો હોત તો રૂપી એવાં કર્મોને અવશ્ય જોઈ શકાત. અને એ રીતે આત્માનું તથા કર્મોનું જ્ઞાન ઈન્દ્રિયોથી થતું હોત તો આત્મા અને કર્મ વચ્ચે ચાલતો ગજ-ગ્રાહ, એનાથી થતી ઊથલ-પાથલ, એના દ્વારા ઊભાં થતાં અનેક દ્વંદ્વો તથા સુખ-દુઃખ, અનુકૂળતા-પ્રતિકૂળતા, પુણ્ય-પાપ, અમીરી-ગરીબી, અંધત્વ-બધિરત્વ, જ્ઞાની-મૂર્ખ, શત્રુ-મિત્ર વગેરે વિરોધાભાસી જણાતી ક્રિયા-પ્રતિક્રિયાના જવાબો જાતે જ મેળવી શકાત. તે માટે કોઈ શાસ્ત્ર કે જ્ઞાનીની આવશ્યકતા ન રહેત. અલબત્ત, મોટાભાગના જીવો અકાર્યથી અટકી ગયા હોત. તેમાંય પાંચેય ઈન્દ્રિય અને મનવાળા જીવોની જીવન શૈલી પુણ્યકાર્યોની બહુમતિ વાળી હોત. પાપ કાર્યોથી હંમેશા એ જીવો ડરતા હોત. ગુનેગારોની સંખ્યામાં ધરખમ ઘટાડો જોવા મળત. બીજું, જીવો આરોપ - પ્રત્યારોપ લગાવાથી લઈ લડાઈ-ઝઘડામાં પણ જબરદસ્ત ઓટ આવવાના કારણે પોતાની મજા-પ્રસન્નતાને ટકાવવા માટે ધર્મ-આરાધના જેવાં કાર્યોમાં તેજીનો માહોલ જણાઈ આવત. રૂપિયાની જેમ પોતાના પુણ્ય-પાપની બેલેન્સ તપાસતા

જીવો ઠેર ઠેર નજરે જોવા માળતઃ ટૂકમાં કહીએ તો પુણ્યનો સુકાળ અને પાપનો દુકાળ પડ્યો હોય એવું અનુભવાત. પુણ્ય (આવક) અને પાપ(જાવક) નું ગણિત માનવ પોતે જ કરતો હોત. ગુરુના ઉપદેશ વગેરેની અપેક્ષા ઓછી થઈ જાત.

એક-બીજાથી કાંઈપણ છુપાવી ન શકાત. ખાનગી જેવું કાંઈ જ ન હોત! હિંસા-ચોરી-લૂંટફાટ, જૂઠ-ખૂન, ભ્રષ્ટાચાર જેવા ગુનાઓ જોવાનો વારો જ ન આવત. કોર્ટ-કચેરીની જરૂર નહોત. લાંચ-રૂશ્વત વગેરે ગુના ન હોવાથી ત્રીજા આરાની જેમ પોલિસ-સ્ટેશન, ફરિયાદ, જેલ-ફાંસી વગેરે કાંઈ જ ન હોત. માનવનું જીવન સદાચારોથી મહેંકતું હોત. ક્રોધાદિ કષાયો અને પાંચ ઈન્દ્રિયના વિષયોની આસક્તિ કે આહારાદિ સંજ્ઞાઓનું પ્રમાણ નહીંવત્ જોવા મળત. ઈર્ષ્યા-અદેખાઈ જેવાં તત્ત્વોનો અભાવ હોત. અલબત્ત, પાપોનો જ નહીં, પાપવિચારોનો પણ દુષ્કાળ અનુભવાત. કાશ! આવી સ્થિતિમાં વૈરાગ્યની જાગૃતિ પણ દુર્લભ જ બને.

આવા સંયોગોમાં આત્માદિ તત્ત્વોનો બોધ આપનાર કોઈ ન હોય, જ્યારે અતીન્દ્રિયજ્ઞાનનો અભાવ છે. એવા કેવળજ્ઞાનીનો વિરહ છે. ત્યારે શાસ્ત્રોજ આપણા માટે બોધ કરવા-કરાવવા માટેનાં સાધન છે. હા, સાધુ-સાધ્વીજી (ગુરુ) ભગવંતો પણ એ શાસ્ત્રોના આધારે જ બોધ મેળવી અન્ય જીવોને એ જ્ઞાનનાં માધ્યમથી બોધ પમાડે છે. માટે જ કહેવાયું છે કે - 'साधवः शास्त्रचक्षुषः' અર્થાત્ સાધુ ભગવંતો માત્ર ચામડાની આંખવાળા નથી, તેમના માટે મહત્ત્વની આંખો તો શાસ્ત્રો છે. ક્ષણે-ક્ષણે શાસ્ત્રોના આધારે જ તમામ ચીજોનું અવલોકન કરે છે. ઉદ્ભવતા સ્વ-પરના પ્રશ્નોનું નિરાકરણ એ શાસ્ત્રોનાં આલંબને જ કરતા હોય છે.

કેવળજ્ઞાન જેમને પ્રાપ્ત થયું છે તે સર્વજ્ઞ ગણાય છે. તેમને તો દુનિયાની રૂપી-અરૂપી, સૂક્ષ્મ કે બાદર તમામ ચીજો અને તેના ત્રણે કાળના બધા જ પર્યાયો કેવળજ્ઞાનમાં એક સાથે જણાય છે. માટે તેઓને શાસ્ત્રનાં અવલોકનની આવશ્યકતા રહેતી નથી. તે ઉપરાંત ૧૪ પૂર્વનું જ્ઞાન જેઓએ પ્રાપ્ત કર્યું હોય તેઓ; કેવળીભગવંત જેવા જ તમામ ઉત્તરો આપી શકે છે પરંતુ પ્રત્યક્ષ કેવળજ્ઞાનથી નહીં પણ એ દ્વાદશાંગ શ્રુતજ્ઞાન(શાસ્ત્રો)ના આધારે... માટે આવા પૂર્વધર મહર્ષિઓને 'શ્રુતકેવળી' કહેવાય છે. આનો સીધો-સાદો મતલબ એ થયો કે, જ્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય, સર્વજ્ઞ ન બનાય ત્યાં સુધી તમામ વ્યવહાર શાસ્ત્રોનાં માધ્યમથી કરવો. પોતાની કોરી બુદ્ધિને કામે ન લગાડવી. કારણ, તેમ કરવામાં સ્વ-પરને અન્યાય થવાની કે ધર્મની જગ્યાએ અધર્મ થઈ જવાની સંભાવના રહે છે. ભવભ્રમણ વધી જવાની શક્યતા ઊભી થાય છે. શાસ્ત્રો આપણા જેવા



છદ્મસ્થ જીવો માટે દીવાદાંડી સમાન છે. દીવાદાંડી આપણને બચાવે છે. સ્વમતિ કે સ્વચ્છંદમતિ મારે છે, ડુબાડે છે.

આગળ વધીને એમ પણ કહેવાય કે - શાસ્ત્રનું અર્થઘટન પણ પોતાની મતિથી અથવા પોતાના સ્વાર્થને સિદ્ધ કરવાની યુક્તિથી નથી કરવાનું. તેમ કરવામાં આવે તો એ જ શાસ્ત્રો ઘાતક-મારક 'શસ્ત્ર' બની જાય! શાસ્ત્રોનો સન્માર્ગ દર્શક, ઉન્માર્ગ નિવારક શાસ્ત્રો તરીકે જ ઉપયોગ થવો જોઈએ. સ્વ-પરના અહિત માટે નહીં ! કોઈનું પણ અહિત થાય એવો માર્ગ શાસ્ત્રો ન જ બતાવે અને બતાવે તો તે કોઈ સર્વજ્ઞશાસનનાં (આગમ, આગમ-પંચાંગી અને તેના આધારે રચાયેલાં, શાસ્ત્રો નથી, એમ સમજી લેવું.

ગણધરભગવંતોની રચેલી દ્વાદશાંગી (૧૨ અંગશાસ્ત્રો) પણ શ્રીતીર્થંકર ભગવંતો તેના પર 'મહોર' મારે છે, પછી જ માન્યતા પ્રાપ્ત થાય છે. એના અનુસારે જિનશાસનનો તમામ વ્યવહાર ચાલે છે. ગણધરભગવંતો હોય કે ગમે તેવા બુદ્ધિશાળી ગણાતા જીવો હોય... કોઈ પોતાની મન-માની વાતો શાસ્ત્રોમાં લખી શકતા નથી. દરેક શાસ્ત્રકારભગવંતો આગમાદિ ગ્રંથોને, ગ્રંથોના પદાર્થો-ભાવોને નજર સામે રાખીને નવા નવા ગ્રંથોની રચના કરતા હોય છે. તેથી પરસ્પર વિસંવાદ આવતો નથી. નહીંતર ક્યાંક ને ક્યાંક વિસંગતિ જોવા મળે. વિરોધાભાસ પણ જોવા મળે. વળી, જૈન આગમાદિ શાસ્ત્રો સ્યાદ્વાદશૈલીને અપનાવીને રચાયેલાં હોય છે. ઘણાં પ્રશ્નોનું નિરાકરણ અનેકાંત - સ્યાદ્વાદના માધ્યમથી મળી જાય છે. એકાંત ગ્રહણ કરવાવાળો મિથ્યાત્વી ગણાય છે. સ્યાદ્વાદને અમૃતની ઉપમા પણ આપી છે.

જ્યારે શ્રીતીર્થંકરભગવંતોની હાજરી ન હોય, ગણધરભગવંતોની કે ચૌદ પૂર્વ - દશપૂર્વ વગેરેના જાણનારાની ગેરહાજરી હોય, અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાની વિદ્યમાન ન હોય... ત્યારે આત્માદિ તત્ત્વોનો પરિચય કરાવનાર, બોધ આપનાર આપણા માટે શાસ્ત્રો જ છે. એના આધારે આત્માનું અવલોકન કરવાનું છે. જીવતત્ત્વની મુખ્યતા અહીં એટલા માટે છે કે, આગમમાં (આચારાંગસૂત્રમાં) જણાવ્યું છે કે - 'જો એગં જાણઈ, સો સવ્વં જાણઈ' જે એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે. જેને આત્માનું જ્ઞાન ન હોય તે અજ્ઞાની છે, ભલે ને તે દુનિયાનું ગમે તેટલું જ્ઞાન ધરાવતો કેમ ન હોય !

નવતત્ત્વમાંય હેય - ઉપાદેય - જ્ઞેયનું વિભાગીકરણ કર્યું ત્યારે જીવને 'જ્ઞેય' ના વિભાગમાં મૂકવામાં આવ્યો છે. જીવને જાણ્યા વિના તેને કઈ રીતે બચાવી શકાય? દશવૈકાલિકસૂત્રમાં જણાવ્યું છે કે. 'જે જીવને જાણતો નથી, અજીવને

જાણતો નથી, જીવ - અજીવ: ઉભય (બંને) ને જાણતો નથી તે આત્મા સંયમને કઈ રીતે જાણશે - પામશે?' વળી, એ જ ગ્રંથમાં એમ પણ જણાવ્યું કે 'પઢમં નાણં, તઓ દયા' અર્થાત્ પહેલાં જીવાદિનું જ્ઞાન મેળવ્યું હોય તો જ જીવદયા સારી રીતે પાળી શકાય.

શાસ્ત્રનું જ્ઞાન માત્ર પંડિતાઈના પ્રદર્શન માટે નથી મેળવવાનું... કોરી વિદ્વત્તા તો માનકષાયનો ગુલામ બનાવી ભાવિ જન્મોમાં અજ્ઞાનતાની, ઈન્દ્રિયો - શરીરની ખોડ - ખાંપણવાળી ઊંડી અને અંધારી ખીણમાં ધકેલી દે છે. ત્યાં જરૂર પડે અસંખ્ય - અનંતકાળ પણ કાઢવો પડે...! (ખાંપણ શબ્દ ખામીના અર્થમાં વપરાય છે, તે જ રીતે કફનના અર્થમાંય વપરાય છે.) માન-મદ વગેરે કષાયો તો સંસારનું ભવભ્રમણ વધારનાર છે. સાથે જ્ઞાન(શ્રુત)નો મદ જીવને મૂર્ખત્વ-અંધત્વ વગેરેની ભેટ આપે છે.

જ્ઞાન લગામનું - બ્રેકનું પણ કામ કરે છે. ઉપાધ્યાયપદની પૂજામાં આગમદ્રહ પૂ. પદ્મવિજયજી મ. કહે છે: 'ઈન્દ્રિય - તુરંગમ વશ કરે, જે લહી જ્ઞાનની દોરી રે...' ઈન્દ્રિયોરૂપી ચપળ અને ઉચ્છૃંખલ બનેલા ઘોડાને કાબૂમાં લેવા હોય તો આ શ્રુતજ્ઞાનરૂપી લગામ જ સફળતા આપે છે. અહીં જ્ઞાન તરીકે મતિજ્ઞાન નહીં, શ્રુતજ્ઞાન લેવાનું છે. શ્રુતજ્ઞાન અર્જન માટે મતિજ્ઞાન ચોક્કસ જરૂરી છે પરંતુ જો સમ્યક્ શ્રુતજ્ઞાન વગરનું મતિજ્ઞાન (બુદ્ધિ) હોય તો જીવને લાભને બદલે નુકશાન પહોંચાડે છે.

બુદ્ધિમાં સર્જાતા વિપર્યાસને, આવેલી વિકૃતિને ઠેકાણે લાવનારું શ્રુતજ્ઞાન છે. ઈન્દ્રભૂતિ બ્રાહ્મણ પાસે બુદ્ધિ તો જોરદાર હતી. દુનિયાની ૧૪ વિદ્યાનાય પારગામી હતા. શ્રુતજ્ઞાન હતું પણ વેદાદિનાં માધ્યમથી મેળવેલું હોવાથી અને મિથ્યાત્વથી વાસિત હોવાથી મિથ્યાશ્રુત હતું. તેના જ યોગે અભિમાનથી ઊછળતા હતા. પોતે સર્વજ્ઞ ન હોવા છતાં, જીવની બાબતનો સંદેહ હોવા છતાં (સર્વજ્ઞ હોય તો કોઈપણ પદાર્થ એમને માટે સંદેહાત્મક ન જ હોય. બધા જ પદાર્થો નિઃસંદેહ અને સ્પષ્ટ જ હોય...) પોતાની જાતને સર્વજ્ઞ માનતા હતા. એના જ ફળ સ્વરૂપે સર્વજ્ઞને પણ અસર્વજ્ઞ સાબિત કરવા નીકળી પડ્યા હતા! વળી, આ મતિ કે મતિજ્ઞાનની વિકૃતિને સર્વજ્ઞ એવા વીરપ્રભુ સમ્યક્શ્રુતનાં માધ્યમથી જ દૂર કરી શક્યા.

આવા સમ્યક્શ્રુત સ્વરૂપ શાસ્ત્રોનાં માધ્યમથી આત્માને જાણવાનો છે. આત્મસ્વરૂપને, એમાં આવેલી પ્રકૃતિ-વિકૃતિને ઓળખવાની છે. વિકૃતિને દૂર કરી સહજ સ્વાભાવિક પ્રકૃતિ (સ્વરૂપ) ને પ્રાપ્ત કરવાની છે. શાસ્ત્રના દર્પણમાં



આત્માને જોવાથી અંદરમાં રહેલા દોષોને જોઈ - જાણી શકાશે. અજ્ઞાનાવસ્થામાં જીવ દોષોને પણ ગુણરૂપે જોવાની મસ - મોટી ભૂલ કરી બેસે છે. ક્રોધાદિ કષાયો; જે હોય છે, તેને ગુણરૂપે ઉપાદેય માની લે છે. જ્ઞાની ભગવંતો જેને મહાઅનર્થકારી તરીકે વર્ણવે છે એવા રાગ-મોહ-હાસ્યાદિ દોષો (દુશ્મનો) ને તે અજ્ઞાની કે મિથ્યાજ્ઞાની જીવ ગુણ (મિત્ર) સ્વરૂપે જુએ છે.

અજ્ઞાની કે મિથ્યાજ્ઞાનીનો ફટાટોપ અને આડંબર વધારે હોય છે. જેમ સોના કરતાં કાંસાની થાળીનો રણકાર વધારે સારો હોય છે. પરંતુ કિંમત તો સોનાની જ અંકાય, કાંસાની નહીં ! તેમ સમ્યગ્જ્ઞાની હોય તેની કિંમત અંકાય છે. તેની સદ્ગતિ થાય છે. સદ્ગુણોનું અર્જન એ કરી શકે છે મુક્તિ તરફ પ્રગતિ એ કરી શકે છે. મિથ્યાજ્ઞાનમાં રાચતો જીવ નહીં. 'જ્ઞાનનું અજીર્ણ અભિમાન છે.' એવું ઠાણાંગસૂત્રમાં જણાવ્યું છે. ખોરાકનું જો અજીર્ણ થાય તો શરીરને તે ખોરાકથી પુષ્ટિ ન મળે, સાત ધાતુરૂપે તે ખોરાકનું રૂપાંતર ન થાય... પરંતુ વધારે અશક્તિ આવે... શરીરમાં અન્ય રોગોનો પ્રવેશ આસાન બની જાય. અજીર્ણના પ્રકોપ સ્વરૂપે ઝાડા-ઊલટી થવાથી પીડા પામે છે. ટૂંકમાં કહીએ તો બધી રીતે હેરાન જ થાય.

એ જ રીતે જ્ઞાનના અજીર્ણ સ્વરૂપે આવેલા મદ-અભિમાનના યોગે ગુણોની હાનિ થાય, આત્માનું આરોગ્ય કથળી જાય. દોષ-દુર્ગુણોરૂપે કંઈ-કેટલીય બીમારીઓ ઘર કરી જાય. દોષોનો ભાર વધવાથી અધોગતિ તરફ જીવ ચાલ્યો જાય. આત્મા બળવાન બનવાની જગ્યાએ નબળો પડતો જાય. સરવાળે, જ્ઞાન એ સુખનું સાધન બનવાને બદલે દુઃખનું કારણ બને. પ્રસન્નતાનું સ્થાન પીડા ગ્રહણ કરીલે છે. દુઃખના દાવાનળ વચ્ચેય પ્રસન્નતા આપવાનું કાર્ય સમ્યક્શ્રુતજ્ઞાનનું છે. એના પાયામાં રહેલા સમ્યગ્દર્શનનું છે. જેને આ બંનેનું પીઠબળ મળે તે નરકમાંય હાય-વોય વગર, દુર્ધ્યાન વિના, દુઃખ આપનાર પ્રત્યે પણ દ્વેષાદિ ભાવ લાવ્યા વગર, 'હાથના કર્યા હૈયે વાગ્યા છે' એવી ભાવના સાથે જૂનાં કર્મો ખપાવવાનું કાર્ય કરે છે, નવાં કર્મો બાંધવાનું નહીં.

સમ્યગ્જ્ઞાન આવ્યા પછી જીવના વિચારોમાં, ઉચ્ચારોમાં અને વર્તનમાં ધરખમ પરિવર્તન આવે છે. એની ચાલ પણ બદલાઈ જાય છે. કરવાં પડતાં પાપોમાં પણ મજા નથી હોતી. તેને આંખ સામે ભવિષ્યમાં આવનારી પીડા દેખાવા લાગે છે, તેથી આનંદરહિત, અશ્રુસહિત પાપનાં કાર્યો કરે છે. બીજી તરફ ધર્મ ક્રિયાનો ઉત્સાહ અનેકગણો વધી જાય છે. તેને પાપ ગોદા મારીને કરાવવું પડે છે. ધર્મ સાહજિક થઈ જાય છે. કારણ, તેને પાપનો રસ ખતમ થઈ ગયો હોય છે, જ્યારે

ધર્મનો રસ શતશઃ-સહસ્રશઃ વધતો જતો હોય છે !

સમ્યગ્જ્ઞાન આવ્યા પછી આત્મા-કર્મ-ધર્મ, સુખ-દુઃખ, માન-અપમાન, જન્મ-મરણ, સંયોગ-વિયોગ વગેરેનું સાચું જ્ઞાન-સ્વરૂપ સમજાઈ જાય છે. તેનાં કારણો સ્પષ્ટ થઈ જાય છે. આત્માનું અહિત કરનાર; અજ્ઞાનતા-મોહમૂઢતા, રાગ-દ્વેષ, વિષયો-કષાયો-સંજ્ઞાઓ, હિંસાદિપાયો, દોષોની ઓળખ થઈ ગઈ હોવાથી; તેના અનર્થોથી બચવા માટે તે અતિ-સાવધ બની જાય છે. આ સાવધાની એના અહિતના વિસર્જન અને હિતના સર્જન માટે થાય છે. આ બંને ક્રિયાઓ જીવના ભવિષ્યને સુધારે છે.

સમ્યગ્જ્ઞાન આવ્યાબાદ આત્મામાં આવતાં કેટલાંક પરિવર્તનોની અને એના ફળ તરીકે પ્રાપ્ત થતી વિરતિની વાતો આગળના લેખમાં વિચારીશું.

(ક્રમશઃ) ધ

## ★ મહાવ્રતની ભાવનાઃ સંયમ પુષ્ટીકારિણી-૧ ★★★

-પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મ. સા.

ભાવના શબ્દ અનેક અર્થમાં વપરાય છે. ભાવના હૃદયના ભાવની અભિવ્યક્તિ માટે વપરાય છે. હૃદયના ભાવ માટે એનો ઉપયોગ થાય છે. આ ઉપરાંત ધ્યાન અર્થમાંય વપરાય છે. જે ભાવોને વારંવાર હૃદયસ્થ કરવાના હોય, જેનાથી આત્માને ભાવિત કરવાનો હોય, જેનાથી આત્માના અશુદ્ધ કે અશુભ પરિણામોને શુભ કે શુદ્ધ તરફ લઈ જવાના છે, આગળ વધીને લેશ્યાને પણ જે શુભ તરફ દોરવી જતી હોય તેને ભાવના કહેવાય છે. કાશ!ભાવના પણ શુભ-અશુભઃ બંને પ્રકારની હોય છે. કાંદર્પિકી વગેરે આશુરી ભાવનાઓની વાત પણ જૈન શાસ્ત્રોમાં ઘણે ઠેકાણે જોવા મળે છે.

ભાવના શબ્દ કલ્પના, ધારણા, આસ્થા, અભિલાષા, કામના, લાગણી, ચિંતન વગેરે અર્થમાં વપરાય છે, તેમ અનુશીલન-પરિશીલનના અર્થમાં પણ એનો વપરાશ થાય છે. તે જ રીતે રાસાયણિક(રસાયણ) એવી આયુર્વેદિક દવાઓને પુટ આપવાના અર્થમાંય ઉપયોગી છે. દિલના ભાવ માટેય ભાવના શબ્દ વાપરી શકાય છે.

આપણે પ્રસ્તુત લેખમાં આશ્રવ (કર્મબંધ) થી બચાવનારી, જીવને શુભ ભાવોથી ભરી દેનારી, અશુભ ભાવો- દ્વેષાદિ કષાયોથી બચાવી આત્માને શુભ તરફ વાળનારી ભાવનાની વાત કરવી છે. અલબત્ત, આવી ભાવનાને કલિકાલસર્વજ્ઞશ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજે; મહારોગોને નાથનાર-મટાડનાર



'રસાયણ' (રસઔષધ)ની ઉપમા આપી છે.ભાવનાનો રોજ અભ્યાસ પાડવાનો છે. આ અભ્યાસ;કલેશ- કંકાસ, રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ, પરનિંદા, સ્વપ્રશંસા, ભય-શોક-જુગુપ્સા, હાસ્ય-રતિ-અરતિ વગેરે આત્માને દુષ્ટ બનાવનારા, ચીંકણાં કર્મબંધ કરાવનારા, ભવભ્રમણ વધારનારા ભાવોથી જીવને આબાદ બચાવી લે છે.

આ ભાવનાઓ માત્ર અશુભભાવોથી બચાવે છે, એટલું જ નહીં, એ ભાવનાઓ સંવરના અને સંયમના ભાવોને લાવે છે, દઢ બનાવે છે. ચારિત્ર, જ્ઞાન-દર્શન-તપ વગેરે ધર્મોનું પુષ્ટીકરણ કરે છે. રાગથી બચાવી વૈરાગ્ય તરફ વાળે છે. દુર્ભાવોથી બચાવી જીવને શુભભાવોથી ભરી દે છે. શુભાશુભ ભાવોનું મુખ્ય સાધન મન -ચિત્ત ગણાય છે. મન જ કર્મબંધનું અને કર્મ-મુક્તિનું મહત્વનું કારણ લેખાય છે. ભાવનાને; મન-મર્કટ(વાનર) ને બાંધનારી સાંકળ પણ ગણાવી શકાય. ચંચળ મનને સ્થિર રાખવા માટે આના જેવો બીજો કોઈ ઉત્તમ માર્ગ નથી.

ભાવનાઓને સામાન્યજ્ઞાનથી લઈ કેવળજ્ઞાન સુધીની 'માસ્ટર કી'- ગુરુચાવી કહેવાયમાં કોઈ અતિશયોક્તિ નથી. દોરડા ઉપર નાચતાં નાચતાં, ઘાણીમાં પિલાતાં પિલાતાં, માથામાં અંગારા ભરેલી અવસ્થામાં, (જે અવસ્થાઓ રાગ કે દ્વેષના યોગે ક્લિષ્ટ કર્મનો જ બંધ કરાવનારી ગણાતી હોય, તેમાંય ) કેવળજ્ઞાન અપાવનાર, ઘાતિ- અઘાતિકર્મોનો ચૂરો કરી દેનાર કોઈ હોય તો આ ભાવના છે. બાહ્ય ક્રિયાને અવગણીને અભ્યંતર ક્રિયા ઉપર મનને કેન્દ્રિત કરી દુશ્મનનેય કલ્યાણમિત્રના દરજ્જામાં (દાયરામાં) લાવીને આત્મહિત માર્ગે જીવને લઈ આવવાનું અતિદુષ્કર કાર્ય આ ભાવનાના યોગે સાવ જ આસાન બની જાય છે. ઝેરને અમૃત બનાવી દેનારી ભાવના નામની ચમત્કારી ફેક્ટરી છે. સ્વના ઉપકાર સાથે ઘણીવાર આ ભાવનાઓ પરના ઉપકાર માટે ઉપયોગી થાય છે! દુશ્મનની દુશ્મનાવટનેય ખતમ કરી દેવાનું સામર્થ્ય આ ભાવના- યોગમાં છે.

ભાવનાને એક વિશિષ્ટ યોગ કહેવામા જરાય અતિશયોક્તિ કે અસત્ય નથી. કારણ, ભાવના પણ આત્માને મોક્ષ સાથે જોડી આપનારું સાધન છે. જે આત્માને મોક્ષ સાથે જોડી આપે એવો તમામ ધર્મવ્યાપાર (ધર્મની ક્રિયા) તે યોગ છે. આનો મતલબ એ પણ થયો કે- જે ધર્મની પ્રવૃતિ તમને મોક્ષનું અનુસંધાન ન કરી આપે તે (ગમે તેવી કષ્ટ રૂપ કે કહેવાતા તપ વગેરે રૂપ હોય) યોગ બને નહીં, તેને યોગ કહેવાય નહીં.

લોકમાં પણ કહેવાય છે કે- દિલ(મન)ની ભાવના વગર કરેલા કામમાં ભલીવાર ન આવે.ભાવના દિલ વગર શક્ય નથી. મનના જોડાણ વિના સાચી

ભાવના ન જ આવે. શાસ્ત્રકાર ભગવંતોએ ભાવનાને ધ્યાનના વિષય તરીકે પણ વર્ણવી છે. વળી, ભાવના પણ અનેક પ્રકારની કહી છે. તેમાં ત્રણ પ્રકાર મહત્વના છે. ૧. અનિત્યાદિ બાર ભાવના. ૨. મૈત્રી વગેરે ચાર ભાવના છે. અને ખાસ શ્રમણ-શ્રમણી ભગવંતો માટે પાંચ મહાવ્રતની પચીશ ભાવના.

આપણે અહીં ત્રીજા પ્રકારની બતાવેલી ૨૫ ભાવનાની વાતને વિચારવી-વાગોળવી છે. આ ભાવનાઓ મહાવ્રતોને પ્રાણવંતા બતાવે છે. મહાવ્રતોને ધારદાર બનાવે છે. મહાવ્રતોમાં દઢતા લાવી આપે છે. મહાવ્રતોની વિશુદ્ધિ સંયમને સતેજ બનાવે છે. મહાવ્રતોનો ઝગમગાટ આત્મવિશુદ્ધિ (કર્મનો ક્ષય અને ગુણોની પ્રાપ્તિ) તરફ પ્રગતિ કરાવે છે.

પુણ્ય-પ્રકાશના સ્તવનમાં (મૂળ તો પયન્નાગ્રંથમાં) બતાવેલી ૧૦ પ્રકારની આરાધનામાં 'ભાવ ભલો મન આણીએ' કડી દ્વારા આ શુભભાવનાને જ સ્થાન આપ્યું છે. ભાવના દ્વારા સમાધિમાં ઝીલવાની વાત મૂકી છે. મરણની જાલિમ વેદના વચ્ચે મનને અને આત્માને આડાઅવળા જતાં, કર્મબંધથી અટકાવવા ભાવના જેવું ઉત્તમ બીજું સાધન ક્યાં છે? ભવ્યભૂતકાળ તરફ ડોકિયું કરીએ તો મહાપુરુષો, મહાશ્રમણીઓ કે સત્ત્વશાળી શ્રાવક-શ્રાવિકા (મહાસતી)ઓના જીવનમાં આવેલા ભયાવહ-મરણાંત ઉપસર્ગો-પરિષહોની વચ્ચે આ ભાવનાઓના સહારે જ તેઓ અદ્ભુત સમાધિને વર્યા છે. કર્મબંધની જગ્યાએ તેઓ કર્મોના ભુક્કા બોલાવાની ક્રિયા કરી શક્યા છે. કાશ! આગળ વધીને એમ કહી શકાય કે - દુઃખ, પ્રતિકૂળતા, અપમાન અને આપત્તિને અવસરમાં બદલી શક્યા છે. દોષોને દબાવીને ગુણો પ્રગટાવનાર બન્યા છે.

ભાવના એ કોઈ કાયા દ્વારા થતી ક્રિયા નથી. માનસિક વિચારણા છે, પરંતુ કાયાના કઠોર પરિશ્રમ વગર માત્ર મનોયોગથી માર્ગસ્થ ભાવનાનો સહારો લેવામાં આવે તો ધાર્યું પરિણામ મેળવી શકાય છે. કાયામાં કોઈ જ તાકાત રહી ન હોય... વચનયોગ પણ રૂંધાઇ ગયો હોય... એવા સમયે આત્માની જાગૃતિ પૂર્વક મનોયોગના માધ્યમથી શુભભાવનાને ઉજાગર કરી એમાં આગળ વધવામાં આવે તો ન ધારેલું, ન કલ્પેલું ચમત્કારિક પરિણામ પ્રાપ્ત કરી શકાય છે.

એમ પણ જરૂર કહી શકાય કે- વચન અને કાયાથી ગમે તેવી શુભક્રિયાઓ કરો... ઉત્કૃષ્ટ ચારિત્ર પાળો, હેરત પમાડે તેવો માસક્ષમણાદિ તપ કરો... વિનય-વિવેક વગેરે બાહ્ય ક્રિયાઓમાં ક્યાંય ઊણપ ન આવવા દો... પરંતુ મનોયોગ ઠેકાણે ન હોય... મનના પરિણામો(ભાવના) દૂષિત હોય તો તમામ ક્રિયાઓ તમને ધાર્યું પરિણામ ન જ આપી શકે. માત્ર એ કાયકષ્ટ કે કાયક્લેશ જ સાબિત થાય. તેનાં જ્ઞાન-ચારિત્ર-તપાદિ નિષ્ફળ જાય. આ દષ્ટિએ પણ ભાવનાનું મહત્ત્વ ખૂબ જ ઊંચું છે. (ક્રમશઃ) ધ



તા. ૧૩.૬.૨૦૨૩ બોરસદ. કાશીપુરા.

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી, અધ્યાત્મપ્રેમી સુશ્રાવક દુષ્યંતભાઈ યોગ્ય ધર્મલાભ.

દેવગુરુપસાયે સુખશાતા છે.

તમારા બે પત્રો વોટ્સએપથી મળ્યા. પ્રિન્ટ કઢાવીને વાંચી. બંને પત્રોની વાતો એકંદર સુંદર-ઉપયોગી છે. તમામ દોષો-દુર્ગુણોનું મૂળ ગણો કે સદ્ગુણોની આડે આવનારા તત્ત્વ ગણો તો પુદ્ગલોના થોડા સમય માટે દેખાતા સારા પર્યાયોમાં જીવ લેવાઈ-લેપાઇ જાય છે. તેના રાગ-રતિના ભાવો જીવના અધ્યવસાયોને દૂષિત બનાવી દે છે. સંક્લિષ્ટ બનાવી દે છે. જીવના વિશુદ્ધયમાન પરિણામોને સંક્લિશ્યમાન બનાવનાર આ પુદ્ગલોનું આકર્ષણ છે. પુદ્ગલનું પ્રલોભન પ્રાથમિક તબક્કે સુંવાળું-આનંદદાયક ભલે લાગતું હોય... પણ પરિણામે તો પીડાદાયક જ છે. જ્યાં આત્માના અધ્યવસાયો જ પ્રદૂષિત થઈ જાય... ત્યાં ગ્રંથિભેદ ક્યાંથી થાય? કદાચ જીવ યથાપ્રવૃત્તકરણ દ્વારા ગ્રંથિદેશે પહોંચ્યો હોય તો ત્યાંથી ફરી પાછો મિથ્યાત્વના કારણરૂપ આ સંક્લિષ્ટ અધ્યવસાયોના યોગે મિથ્યાત્વને વધુ મજબૂત બનાવી સંસારને વધારવાનું કાર્ય કરે છે. ગ્રંથિભેદ માટે જીવ અનિવૃત્તિકરણ, અપૂર્વકરણાદિના અધ્યવસાયો સુધી પહોંચી શકતો નથી.

પુદ્ગલના સારા ગણાતા પર્યાયો આત્મા માટે (જો પુદ્ગલના પારિણામિક ભાવને ન જાણ્યાં, હૃદઅસ્થ ન કર્યા તો ) ઘાતક પુરવાર થાય છે. અલબત્ત, ખરાબ પર્યાયો (પ્રતિકૂળતાવાળા અને પીડાદાયક) પણ જીવને અણગમાવાળા-દ્વેષભાવ પેદા કરનારા હોવાથી ઘાતક જ બને છે. તેથી રાગ અને દ્વેષઃ બંને જીવને સમ્યગ્દર્શનથી, અપુનર્બંધક અવસ્થાથી કે ગ્રંથિદેશથી દૂર ફેંકી દે છે. અનંત શક્તિના માલિક ગણાતા આત્માને આ જડપુદ્ગલો નિર્બળ ને નિઃસત્ત્વ બતાવી દે છે. આવા સ્વરૂપને પામેલો આત્મા વારંવાર મિથ્યાત્વમોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધીને ભવભ્રમણ અને દુર્ગતિગમન વધારી મૂકે છે.

આત્માના દુશ્મન ગણાતા રાગ-દ્વેષથી બચવા વારંવાર, ક્ષણેક્ષણે, પાંચે ઇન્દ્રિયના વિષયો માટે, તેનાં સાધનભૂત ગણાતાં પુદ્ગલોના શુભ-અશુભ પર્યાયોથી આત્માને ભાવિત કરવો પડે. સતત થતા આવા અભ્યાસથી ધીમે ધીમે પુદ્ગલોના રાગ-દ્વેષના ભાવો અદૃશ્ય થવા લાગશે. એ જ જગ્યાએ જીવ વિરાગભાવ-સમભાવમાં આગળ વધશે. સંક્લેશવાળા પરિણામોથી બહાર નીકળી વિશુદ્ધ પરિણામ તરફ પ્રગતિ કરશે. ગ્રંથિભેદ માટે યોગ્યતા પ્રાપ્ત થશે. વિનશ્વર પુદ્ગલ

જ શાશ્વત આત્માની ઘોર ખોદે છે - તેનું ભાન થશે. પછી એ જ પુદ્ગલો દોષની જગ્યાએ ગુણાર્જન માટે બનશે. આત્મા ઊકરડાની જગ્યાએ નિર્મળ-સુવાસિત બાગનું સ્થાન બનશે. હાલ, એ જ, **દ. આ. વિ ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.**

તા. ૧૩.૬.૨૦૨૩ બોરસદ, કાશીપુરા

**જૈન ઉપાશ્રય.**

**આ.વિ. ભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી તત્ત્વપીપાસુ સુશ્રાવક દુષ્યંતભાઈ યોગ્ય ધર્મલાભ.

દેવ-ગુરુ પસાયે સુખશાતા છે.

તમારા ગ્રંથિભેદના પત્રનો ટૂંકમાં જવાબ આપ્યો. બીજા આર્ટીકલ-'ગુરુ'ની વાતમાં કેટલીક બાબતો જણાવું છું.

ગુ= અંધકાર. રુ=તેનો નાશ કરનાર.

મતલબ, અજ્ઞાનના અંધકારને દૂર કરી જ્ઞાનનો પ્રકાશ પાથરી આપે તે ગુરુ.

ગુરુનું આ જ કાર્ય હોવા છતાં દરેક શિષ્યને માટે પરિણામ સરખું મળતું નથી. કારણ, આપનારની ક્રિયા સહુ માટે સરખી હોવા છતાં; લેનાર-ગ્રાહક કેવું-કેટલું ગ્રહણ કરે છે, તેના ઉપર મોટો આધાર છે. એક કલાસમાં એક શિક્ષક-વ્યાવહારિક ગુરુ પચાસે પચાસ વિદ્યાર્થીને એક સરખું જ ભણાવે છે. પરિણામ પચાસનું ભિન્ન - ભિન્ન આવે છે. આમાં વિદ્યાર્થીની પાત્રતા વગેરે કારણભૂત છે. શિક્ષકની આપવાની ક્રિયા તો બધા માટે સરખી જ છે.

ગુરુએ આપેલા જ્ઞાનનો અવસરે અવસરે કેવો ઉપયોગ કરો છો, તેના પર લાભ-હાનિનો વિચાર થાય. અર્થાત્ ગુરુભગવંતે કરુણા વગેરે સારા ભાવથી આપેલા જ્ઞાનનો તમે કેવો ઉપયોગ-સદુપયોગ કે દુરુપયોગ કરો છો કે પછી નિષ્ક્રિય રહો છો, તેના પર લાભ-નુકશાનનું ગણિત નક્કી થાય છે.

ગુરુદેવ પણ જ્યાં સુધી છદ્મસ્થ હોય ત્યાં સુધી પોતાના ગુરુદેવ-તેમના ગુરુદેવ... અંતે શ્રીતીર્થંકર-કેવલી ગુરુદેવના સિદ્ધાંતોની જ વાતો શિષ્યો યા મુમુક્ષુજનોને સમજાવે છે. પોતે સર્વજ્ઞ થયા હોય તો તે કેવળજ્ઞાનના આધારે તત્ત્વની-સિદ્ધાંતોની વાતો કરે છે.

છેદ ગ્રંથાદિમાં જણાવ્યા પ્રમાણે 'સોહી ઉજ્જુઅભૂઅસ્સ' વાક્યને આંખ સામે લાવીએ તો સરળ જીવો જ શુદ્ધ થઈ શકે છે. શુદ્ધિ માટે સરળતા લાવવી... તે માટે વક્રતા-માયા-દંભ-કાવાદાવા વગેરેનો ત્યાગ અત્યંત જરૂરી છે.



સત્યના પક્ષપાતી તો થવું જ પડે. સત્યના જ ઉપાસક બનવાનું છે. જડતા ન જોઈએ, પરંતુ સિદ્ધાંતની પકડ તો જરૂરી છે. સિદ્ધાંતોમાં ક્યાય બાંધ-છોડ ન ચાલે. સરળતાવાળી વ્યક્તિ પણ સિદ્ધાંતની પક્ષપાતી તો જોઈએ જ. હા, ગુરુનાં કથનને સમજણ માટે બુદ્ધિને વિશાળ બનાવવી પડે. હૃદયના ભાવોને સરળ બનાવવા પડે. આ સરળતા વગેરે પાયાની વાતો છે. પાયા વગર ઈમારત ઊભી ન થાય. ગુરુ ગાઈડ-ભોમિયાના સ્થાને છે. વારંવાર, ડગલે ને પગલે તેઓનું માર્ગદર્શન મેળવતા જાઓ. તે પ્રમાણે ચાલવાનું શીખો, કેટલોક સમય આવી પ્રક્રિયા કરવાથી આપણામાં એવો ક્ષયોપશમ પ્રગટ થશે કે કેટલાક નિર્ણયો જાતે કરી શકશો, તે પણ ગુરુના માર્ગદર્શન જેવા જ...

**દ.ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ...**

તા. ૧૪.૬.૨૦૨૩ બોરસદ,કાશીપુરા

જૈન ઉપાશ્રય

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

ધર્માનુરાગી સુશ્રાવક દુષ્યંતભાઈ યોગ્ય ધર્માલાભ. દેવ-ગુરુ પસાયે સુખશાતા છે.

તમારા લેખોના, મેં લખેલા બે પત્રો (જવાબરૂપે) મળી ગયા હશે?

તે લખાઈ ગયા પછી તમારા બે પ્રશ્નો વાંચ્યા. તેનો જવાબ નીચે જણાવું છું

૧. ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન એક જ ભવમાં ૨૦૦૦થી ૯૦૦૦ વાર આવે ને જાય... આવે ત્યારે જીવ સમ્યક્ત્વી ગણાય. સાથે તેનું જ્ઞાન પણ સમ્યગ્ ગણાય. જ્યારે આ પાયાનો-મહત્ત્વનો ગુણ ચાલ્યો જાય ત્યારે જીવ મિથ્યાત્વી ગણાય. તે સમયે આગમ-પંચાગી કે તેને અનુરૂપ શાસ્ત્રોનું મેળવેલું જ્ઞાન પણ મિથ્યા-જ્ઞાન અથવા અજ્ઞાન ગણાય.

આ ગુણને લાવવા- સાચવવા-વધારવા- દૃઢ બનાવવા કે ક્ષાયિકમાં તબદીલ કરવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ સમ્યક્ત્વના ૬૭ બોલની વાત કરી છે. સદહણા વગેરે તે ૬૭ વાતોને જીવનમાં વણી લેવાની છે. તેમાં વિપરીતતા, અશ્રદ્ધા, અનાચરણ વગેરે દોષો ન આવી જાય તે માટે સતત અપ્રમત્તતા કેળવવાની છે. આ બધામાં સૌથી વધારે ખાના-ખરાબીનાં સર્જક ગણાય છે; રાગ-દ્વેષ-મોહ, પાંચ ઈન્દ્રિયના વિષયો, મનની ચંચળતા, અસદ્વિચારો વગેરે... આ બધું જ વીતરાગતાને દૂર કરનાર અથવા વીતરાગતાથી દૂર રાખનાર મોહરાજાનું (મોહનીયકર્મનું) જ તાંડવ છે. મોહના નાચ અનેક પ્રકારના છે; એમ ભગવાન ઉમાસ્વાતિજી મ. ફરમાવે છે.

સમકિતના ૬૭ બોલને રોજ ખૂબ ઘૂંટવાના છે. તે માટે ગુજરાતી ભાષામાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મ.ની રચેલી સજ્ઝાય ખૂબ ઉપયોગી બનશે.

૨. મિથ્યાત્વઃ પાપોનો રાજા ગણાય છે. તેથી જ પાપસ્થાનકમાં અંતે લીધું છે. ૧૮ પાપસ્થાનકમાં આગળ- આગળનાં પાપો બળવાન છે. તેથી છેલ્લાં નંબરે સ્થાપેલું પાપ શિરમોર છે. આત્માના તમામ ગુણોને ખતમ કરી નાખવાની ક્ષમતા આ પાપ ધરાવે છે. સમ્યગ્દર્શનથી લઈને આત્માના ગુણોને લાંબામાં લાંબા સમય માટે (૭૦ કોડા કોડી સાગરોપમ)દૂર રાખવાનું સામર્થ્ય આ મિથ્યાત્વમાં જ છે, બીજા કોઈ પાપોમાં નહીં. આત્માનો મોટામાં મોટો દુશ્મન પણ આ જ ગણાય છે. દૃષ્ટિમાં, માન્યતામાં, આચરણમાં, વિચારોમાં, વર્તનમાં... વિપરીતતા લાવનાર તત્ત્વ આ મિથ્યાત્વ છે. જીવના અભવ્યત્વમાં પણ એ જ જવાબદાર છે.

આરાધનામાં ઉજમાળ રહેશો, **દ. ભવ્યદર્શનસૂરિના ધર્મલાભ.** ધ

## ★ અહો નવકાર !!! દુંડકચોર ★★★

**આલેખનઃ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા**

શ્રી નમસ્કાર મહામંત્ર ત્રણે લોકમાં પ્રધાન-શ્રેષ્ઠ મંગલરૂપ છે. આ મહામંત્રનું રોજ વિધિપૂર્વક ધ્યાન કરવું જોઈએ.

પાંચે ભરત અને પાંચે ઐરવત ક્ષેત્રમાં વર્તમાન કાળે ગણાતો, ભૂતકાળમાં ગણાયેલો અને ભવિષ્યમાં ગણનારો આ જ નમસ્કાર મહામંત્ર છે. પાંચે મહાવિદેહની ૧૬૦ વિજયોમાં જ્યાં અનાદિકાળથી જિનધર્મ છે ત્યાં પણ આ જ શાશ્વત મહામંત્ર છે. ઊર્ધ્વ - અધો અને તિર્ચ્છા લોકમાંય આ જ શાશ્વત મંત્ર છે. બીજા તમામ મંત્રોની ઉત્પત્તિ અને વિનાશ થઈ શકે છે, નવકારની ઉત્પત્તિ પણ નથી અને વિનાશ પણ નથી.

જન્મ સમયે ગણેલો નવકાર જીવને ફળ અને રિદ્ધિ આપે છે. મરણ સમયે ગણેલો નવકાર સદ્ગતિ આપે છે. આપત્તિ સમયે નવકાર ગણવામાં આવે તો વિપત્તિમાંથી ઉદ્ધાર થાય છે. રિદ્ધિ-સિદ્ધિ સમયે ગણેલો નવકાર એ રિદ્ધિ-સિદ્ધિનો વિસ્તાર કરે છે. જે રીતે સાપ કરડ્યા પછી તે વ્યક્તિ ઉપર ગારુડી મંત્રનો પ્રયોગ કરે તો તેનું ઝેર નષ્ટ થઈ જાય છે, તે જ રીતે નવકાર ગણવાથી પાપરૂપ વિષનો નાશ થાય છે.

નવકારમાં પાંચ પરમેષ્ઠી છે. તેમાં અરિહંત ભગવંત ચંદ્ર જેવા ઉજ્વળ રંગવાળા છે. સિદ્ધભગવંતો શ્રેષ્ઠ પદ્મરાગ મણિ જેવા લાલ વર્ણવાળા છે.



આચાર્યભગવંતો સુવર્ણ જેવા પીળા વર્ણવાળા છે. ઉપાધ્યાય ભગવંતો પ્રિયંગુ જેવા લીલા રંગવાળા છે. સાધુ ભગવંતો અંજનરત્ન (મણિ) જેવા શ્યામવર્ણથી યુક્ત છે. આ રીતે તેમનું વર્ણ પૂર્વક ધ્યાન કરવું.

ગુણથી ધ્યાન કરવા માટે; અરિહંતોનું માર્ગદશક તરીકે, સિદ્ધભગવંતોનું અવિનાશીરૂપે, આચાર્ય ભગવંતોનું આચારના (પંચાચારના) ભંડાર તરીકે ઉપાધ્યાય ભગવંતોનું વિનયના ભંડાર તરીકે અને સાધુ ભગવંતોનું સહાયક તરીકે ધ્યાન કરવાનું છે.

આ નવકારનું સ્મરણ - રટણ હંમેશા કરતા રહેવાથી પાપનો નાશ અને પુણ્યની વૃદ્ધિ થાય છે. દોષોનો હ્રાસ અને ગુણોની પ્રાપ્તિ થાય છે. દુર્બુદ્ધિ વિનાશક અને સદ્બુદ્ધિ પ્રાપત્ક એવો આ નવકાર ઘણાં ઘણાં કર્મોની હાનિ થયા પછી જ મળે છે. દુર્લભ ચીજ મળ્યા પછી તેની જાળવણી, તેનો વપરાશ, તેનું સંવર્ધન અને તેના ફળની પ્રાપ્તિ માટે કેવો પુરુષાર્થ કરવો જોઈએ ? જો એ પુરુષાર્થમાં ખામી રાખી તો ફરી તેની પ્રાપ્તિ કેટલાય જન્મો સુધી સંભવિત બનતી નથી.

નવકારના પ્રભાવને સમજવા એક ચોરની વાર્તાને માધ્યમ બનાવીશું : વાર્તાના માધ્યમથી રસ પણ જળવાશે અને નવકાર તથા તેના પ્રભાવ - પ્રતાપ અને મહિમાની અંતઃકરણમાં પ્રતિષ્ઠા પણ થશે. તમામ કથાઓ માત્ર મનોરંજન માટે નથી હોતી. કેટલીક કથાઓ સાત્ત્વિક-તાત્ત્વિક-ધર્મનો બોધ કરાવનારી, ધર્મ પ્રતિ આદર-બહુમાન જગાડનારી અને શ્રદ્ધાને બળ આપનારી પણ હોય છે. વાસ્તવિક કથા તે જ કે જેનાથી પાપનો રસ ઘટે, ધર્મનો રસ વધે, ભોગ નહીં પણ જીવ ત્યાગના માર્ગે આગળ વધે, તેનું અંતઃકરણ વૈરાગ્યથી વાસિત બને અનેં અંતે સંસારનાં તમામ બંધનો તોડી મુક્તિના મહેલનો શાશ્વત નિવાસી બને...!

નગરીનું નામ છે મથુરા. નગરીનો શાસક - પાલક - રક્ષક છે શત્રુમર્દન રાજા. પ્રજા પર શાસન ન કરી શકે, પ્રજાનું પાલન - પોષણ ન કરી શકે અને પ્રજાના રક્ષણનું જેનામાં સામર્થ્ય ન હોય તે રાજા થવા લાયક ન ગણાય. દુષ્ટોને દંડ (સજા) ન થતો હોય, સજ્જનોનું સન્માન ન થતું હોય ત્યાં રાજ્યનીતિ ખાડે ગઈ છે, એમ કહેવું પડે. મતલબ, રાજા ન્યાય પ્રિય હોવો જોઈએ. રામરાજ્યના વખાણ કેમ થાય છે ? લાખો વર્ષનાં વહાણાં વહી ગયા પછી પણ આજે લોકો રાજા રામચન્દ્રજીને કેમ યાદ કરે છે? રાજા બનવા માટે, ટકવા માટે પુણ્ય અને પુરુષાર્થઃ બંનેની જરૂર પડે છે.

જ્યાં રાજ્ય સમૃદ્ધ હોય, પ્રજા સમૃદ્ધ હોય ત્યાં ચોરોનો ઉપદ્રવ પણ રહેવાનો.

પૈસાદિ મિલકતથી સમૃદ્ધ વ્યક્તિને તો ચોર ઉપરાંત રાજાથી પણ ભય ઊભો થાય છે. ભર્તુહરિએ કહ્યું જ છે ને? 'ભોગમાં (ખાવા-પીવાદિ ભોગની સામગ્રીમાં) રોગોનો ભય છે. કુલમાં ચ્યવનનો ભય રહેલો છે. ધન - રત્નાદિ હોય તો રાજાથી ભય રહે છે. મૌન રહેવામાં દીન હોવાનું લોક સમજે - તેનો ભય હોય છે. બળવાન હોવાથી દુશ્મનનો ડર રહે છે. રૂપવાન હોવામાં વૃદ્ધાવસ્થા આવતાં રૂપ ચાલ્યું જવાનો ભય ઊભો હોય છેઃ શાસ્ત્રજ્ઞાન સારું મેળવ્યું હોય તો વાદનો ભય ઊભો થાય છે. ગુણવાન હોય તો દુર્જનોથી ભય રહે છે. શરીર છે તો મરણ - યમરાજનો ભય સતાવે છે. મતલબ, તમામ જગ્યાએ જગતમાં ભય ડરામણો લાગે છે. માત્ર વૈરાગ્યમાં જ અભય - નિર્ભયપણું રહેલું છે.'

આ મથુરાનગરીમાંય એક દુંડક નામનો ચોર હતો, જે ચોરી દ્વારા પ્રજાને રંજાડતો હતો. શ્રીમંતોની ઊંઘ હરામ થઈ ગઈ હતી. એક વખત એક શેઠના ઘરમાં આ ચોરે ખાતર પાડી પુષ્કળ સુવર્ણના દાગીનાની ચોરી કરી. હજી ચોર માલ લઈને શેઠના ઘરમાંથી નીકળે ત્યાં જ શેઠના કુટુંબના સભ્યો જાગી ગયા ! ચોરી અને ચોરની જાણ થતાં જ ચોર - ચોર કરી બધાએ બૂમો પાડી... કોલાહલ મચી ગયો. આ કોલાહલના કારણે કોટવાલ વગેરે આવી પહોંચ્યા. ચોરનેય પકડાઈ જવાનો ડર તો હોય જ ને ?

કોટવાલોએ એ દુંડક ચોરને દાગીના સાથે પકડી લીધો. ચોર પકડાઈ જવાથી શેઠ વગેરેએ રાહતનો દમ લીધો. બીજી તરફ ચોરના ધબકારા વધી ગયા. રાત્રે તો તે ચોરને યોગય સ્થાને બંધન ગ્રસ્ત રાખ્યો. સવાર થઈ. રાજ દરબારમાં હાજર કરાયો. રંગે હાથ પકડાઈ જવાથી ચોર પાસે બચવાની કોઈ જગ્યા જ ન રહી. દુષ્ટોને દંડ એ તો રાજ્ય નીતિ છે. જો એ નીતિ પ્રમાણે કામ ન લે તો દેશ - રાજયમાં ગુનાઓ અને ગુનેગારોનું પ્રમાણ વધતું જ જાય. એ ફરિયાદો રાજા માટે માથાનો દુઃખાવો બની જાય. સમગ્ર પ્રજા ભયના ઓથાર નીચે આવી જાય. રાજયતંત્ર અસ્તવ્યસ્ત થઈ જાય. રાજાની સામે પ્રજા બળવો પોકારે. રાજા પણ ક્યાં ભયમુક્ત છે? આવાં દુષ્ટતત્ત્વોથી, છળ - કપટ કરવાવાળાથી અંદરનો ભય અને પર શત્રુ વગેરેથી બહારનો ભય રાજાને પણ સતત સતાવતો હોય છે. પ્રજાના અંદર-અંદરના વિવાદો, વિખવાદો, ઝઘડાઓ પતાવનારી કોર્ટ પણ રાજદરબાર જ હોય છે. આવા પેચીદા પ્રશ્નોય રોજ માથાના દુઃખાવારૂપે આવતા જ હોય છે. ઘણીવાર નગરચર્ચા જોવા માટે ગુપ્ત વેષે રાત્રે રાજાને નીકળવું પડતું હોય છે. એક ઘર ચલાવવું જ્યાં સુગમ નથી, ત્યાં હજારો - લાખો ઘરના સમૂહરૂપ રાજય ચલાવવું



ક્યાંથી સુગમ હોય ? કોઈપણ પદ-પ્રતિષ્ઠા મેળવવાનું મન સહુને હોય પરંતુ એ પદની જવાબદારી વહન કરવાનું કાર્ય સરળ નથી હોતું. માથાના દુઃખાવા જેથી એ વાત હોય છે. છતાંય સત્તાનો મોહ ક્યાં છૂટે છે? બધાને સત્તાની ભૂખ હોય છે. સત્તા ભૂખ્યા જીવોને સત્તા ન મળે તેય પીડા છે. **(ક્રમશઃ)** ધ

## ★ અનુમોદનામૃતમ્.... ★★★

જ્ઞાનદાતા પૂજયપાદ ગુરુદેવ ધર્મતીર્થપ્રભાવક આ.ભ.શ્રીમદવિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન પટ્ટધર આગમ-શિલ્પ-વિધિવિધાન-વિશારદ પૂ.આ.ભ. શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા આદિ ઠા.૨ તથા પ્રવર્તિની પૂ.સા. ભદ્રિકાશ્રીજી મ.આદિ ઠા.૪ બોરસદમાં ચાતુર્માસ બિરાજમાન છે

તેઓની પાવનનિશ્રામાં દાન-શીલ-તપ અને ભાવધર્મની ભિન્ન-ભિન્ન આરાધનાઓ સુંદર ચાલી રહી છે. સમૂહમાં ચાલતા વર્ષીતપમાં બિયાસણાંના લાભાર્થી બનવા પડાપડી છે. તે કારણે એક-એક બિયાસણમાં ક્યારેક બે - બે લાભાર્થીને લાભ આપવો પડે છે!

**વર્ષીતપના તપસ્વીઓની સમૂહયાત્રા-૧**

વર્ષીતપ સંકલન સમિતિ દ્વારા તપસ્વીઓને વિવિધ તીર્થોની યાત્રા કરાવવાની જાહેરાત થતાં જ લાભાર્થીની માંગણી આવી ગઈ. મૂળ કાવિઠાના વતની હાલ અમેરિકામાં વસતાં અ.સૌ. ઉર્વશીબેન શૈલેશભાઈ, કે જેમને જીવનનો ચોથો વર્ષીતપ ચાલી રહ્યો છે! તેઓ આ યાત્રાના લાભાર્થી બન્યા. સમેતશિખરાદિ કલ્યાણકભૂમિઓ તથા હસ્તિનાપુરની યાત્રા પ્રથમ ચરણમાં ગોઠવાઈ.

પ્રથમ શ્રાવણ વદ.૧૩ તા.૧૪.૮.૨૦૨૩ સોમવાર સાંજે ૪.૧૫ કલાકે હિતશિક્ષા પ્રવચનનું આયોજન કરેલ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજયભવ્યદર્શન-સૂરીશ્વરજી મહારાજે માર્મિક હિતશિક્ષા અને તીર્થયાત્રા અંગે શાસ્ત્રીય માર્ગ-દર્શન આપેલ. સાથે યાત્રાની નિર્વિઘ્નતાની પ્રાર્થના કરેલ.

આ યાત્રાનો અહેવાલ હવે પછી આપવામાં આવશે.

પર્વાધિરાજના દિવસોનો મંગલ પ્રારંભ થઈ ગયો છે. સવારે બહેનો-ભાઈઓનાં અલગ - અલગ સામૂહિક પ્રતિક્રમણ, મંગલ પ્રભાતિયાં, પૂજા-સ્નાત્ર, પ્રવચન, એકાસણાં, સાંજે પ્રતિક્રમણ, રાત્રે ભક્તિ-ભાવના વગેરે આયોજનો થાય છે. એની વિસ્તૃત જાણકારી આગામી અંકમાં અપાશે. ધ